Extra No. 295

© सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **MONDAY, SEPTEMBER 29, 2025 / ASVINA 7, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ક્રમાંકઃ રાચઆ-ચટણ-સમક-નપા-બોટાદ-યુનીટ-૨-૦૯૨૦૨૫.

બોટાદ નગરપાલિકાની આગામી સામાન્ય ચૂંટણી માટે બેઠકોની (અનામત બેઠકો સહિત) વારાફરતી ફાળવણી અંગેનો આદેશ, ૨૦૨૫

વંચાણમાં લીધા:

(૧) રાજ્ય ચૂંટણી આયોગનો આખરી આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સમક-નપા-બોટાદ-યુનિટ-૬-૨૦૧૫, તા. ૦૮/૦૮/૨૦૧૫.

(૨) મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪.

(૩) મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી (સુધારા) નિયમો, ૨૦૧૫.

(૪) ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (Gujarat Act No. 17 of 2023).

(૫) મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી (સુધારા) નિયમો, ૨૦૨૫.

(૬) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃ- KV 154 of 2024/UDUHD/mwd/e-file/18/2024/3057/M, તા.૧૭/૦૮/૨૦૨૪

૧. ભારતના બંધારણના અનુચ્છેદ 243-K અને 243-ZA ની જોગવાઈ મુજબ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની તમામ ચૂંટણીઓ માટે મતદારયાદી તૈયાર કરવા અને તેના ઉપર દેખરેખ, માર્ગદર્શન તથા નિયંત્રણ અને ચૂંટણી સંચાલનની કામગીરી રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ-૬ ની પેટા-કલમ ૪, મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ હેઠળની જોગવાઈઓ તથા તેમાં થયેલ વખતોવખતના સુધારાઓ અને રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-માપદંડ-ન.પ.જન.૧-૧૨૨૦૧૪-ક તા.૧૧-૧૨-૧૪ના આદેશની સૂચનાઓને ધ્યાને લઈ વંચાણ (૧) વાળા તા.૦૮/૦૮/૨૦૧૫ના આખરી આદેશથી બોટાદ નગરપાલિકાની વોર્ડ રચના કરી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગ તથા આ વર્ગોની સ્ત્રીઓ માટે અનામત બેઠકો તથા સામાન્ય વર્ગની સ્ત્રીઓ માટેની અનામત તથા બિનઅનામત સામાન્ય બેઠકોની ફાળવણી કરવામાં આવેલ છે. જે આધારે વર્ષ-૨૦૧૫માં બોટાદ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજવામાં આવેલ.

૨. વંચાણે લીધેલ અ.નં.(૩)ના સુધારા નિયમોથી મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો, ૧૯૯૪માં નિયમ-૫ નવો મુકવામાં આવેલ છે. જે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠકો ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૬ અને કલમ ૭ મુજબ નક્કી કરવાની થતી બેઠકો એકી સંખ્યામાં આવતી હોય તેવી બેઠકો માટે જે તે કેટેગરીની મહિલા અનામત બેઠકો માટે લગભગ ૫૦ ટકા બેઠકો ફાળવી શકાય નહિ તેથી એકી સંખ્યામાં નક્કી થતી હોય તેવી બેઠકો પૈકી (એકી સંખ્યામાં રહેલ) બેઠક જે તે કેટેગરી માટે નક્કી કરી પ્રથમ ચૂંટણી કરવાની અને તે એક બેઠક હવે પછીની સામાન્ય ચૂંટણીમાં જે તે કેટેગરીની મહિલા માટે અનામત રાખવી એવી જોગવાઈ કરવામાં આવેલ છે.

૩. અનામત બેઠકોની સંખ્યા એકી સંખ્યામાં આવતી ન હોઈ વંચાણે લીધેલ અ.નં(૧)ના આદેશની અનુસૂચિ-૨ મુજબ વર્ષ-૨૦૨૧માં ચૂંટણી યોજવામાં આવેલ.

૪. વંચાણે લીધેલ (૪) ના ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (Gujarat Act No. 17 of 2023)થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાતવર્ગોની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી ૨૭ ટકા સુધીની બેઠકો પછાતવર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

૫. વંચાણે લીધેલ અ.નં(૫)ના મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી (સુધારા) નિયમો, ૨૦૨૫થી મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪નો નિયમ-૭ નવો મુકવામાં આવેલ છે. નવા નિયમ મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગો તથા સ્ત્રીઓની અનામત બેઠકોની વારાફરતી ફાળવણી શક્ય હોય ત્યાં સુધી દર પાંચ વર્ષે એક સામાન્ય ચૂંટણી પછી બીજી સામાન્ય ચૂંટણી થાય ત્યારે કરવાની થાય છે.

૬. વંચાણે લીધેલ અ.નં(૬)ના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૧૭/૦૮/૨૦૨૪ના જાહેરનામાંથી બોટાદ નગરપાલિકા માટે ૧૧ વોર્ડ અને ૪૪ બેઠકો નિર્ધારીત કરવામાં આવેલ છે. જે પૈકી અનુસૂચિત જાતિની ૨ બેઠકો પૈકી ૧ બેઠકો સ્ત્રી માટે અનામત અને પછાતવર્ગની ૧૨ બેઠકો પૈકી ૬ બેઠકો સ્ત્રી માટે અનામત રાખવામાં આવેલ છે.

૭. ભારતના બંધારણના અનુચ્છેદ-243-ZA, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૭, મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪, મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી (સુધારા) નિયમો, ૨૦૧૫ તથા મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી (સુધારા) નિયમો, ૨૦૨૫ની જોગવાઈ તથા રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-માપદંડ-ન.પ.જન.૧-૧૨૨૦૧૪-ક તા.૧૧-૧૨-૧૪ની સૂચનાઓને ધ્યાને લઈ વંચાણે લીધેલ અ.નં.(૧) વાળા રાજ્ય ચૂંટણી આયોગના તા.૦૮/૦૮/૨૦૧૫ના આદેશની અનુસૂચિ-૨માં સુધારો કરી બોટાદ નગરપાલિકાની હવે પછી યોજાનાર સામાન્ય ચૂંટણી માટે આ આદેશ સાથેની “અનુસૂચિ-૨” માં જણાવ્યા પ્રમાણે અનુસૂચિત જાતિ, પછાતવર્ગો (આ વર્ગોની સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકો સહિત) તથા સ્ત્રીઓ માટેની અનામત બેઠકો અને બિનઅનામત સામાન્ય બેઠકો ફાળવવા રાજ્ય ચૂંટણી આયોગ આદેશ કરે છે.

વંચાણ (૧) પરના રાજ્ય ચૂંટણી આયોગના તા.૦૮/૦૮/૨૦૧૫ના આખરી આદેશની સીમાંકનને લગતી અન્ય વિગતો યથાવત રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જિ. ગોહિલ,

સચિવ.

અનુસૂચિ-૨

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ- રાચઆ-ચટણ-સમક-નપા-બોટાદ-યુનીટ-૨-૦૯૨૦૨૫, તા.૨૯/૦૯/૨૦૨૫નું બિડાણ

બોટાદ નગરપાલિકાની સને-૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૧,૩૦,૩૨૭		
કુલ વોર્ડની સંખ્યા	૧૧		
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૧૧,૮૪૮	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ :	૧૩૦૩૩
		સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ :	૧૦૬૬૩
બેઠકોની સંખ્યા	૪૪		
કુલ સ્ત્રી બેઠકો	૨૨		
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ બેઠકો અનુસૂચિત જાતિ સ્ત્રીઓ માટે અનામત	
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૦	-	
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૧૨	તે પૈકી ૬ બેઠકો પછાતવર્ગ સ્ત્રીઓ માટે અનામત	
કુલ અનામત બેઠકો	૨૯		
સામાન્ય બેઠકો	૧૫		

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત
૧	૧	૧૧૦૮૦	પછાતવર્ગ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨	૨	૧૨૩૯૨	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૩	૩	૧૧૦૭૬	અનુસૂચિત જાતિ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૪	૪	૧૨૫૫૦	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૧૩૦૧૯	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૬	૬	૧૧૦૬૧	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૧૨૦૪૩	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૮	૮	૧૨૫૭૯	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૯	૯	૧૧૭૨૯	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૦	૧૦	૧૧૧૬૩	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૧	૧૧	૧૧૬૩૫	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
	કુલ	**૧૩૦૩૨૭**				

આર. જિ. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-બરવાળા-યુનીટ-૨/૦૯૨૦૨૫.

બરવાળા નગરપાલિકાની આગામી સામાન્ય ચૂંટણી માટે બેઠકોની (અનામત બેઠકો સહિત) વારાફરતી ફાળવણી અંગેનો આદેશ, ૨૦૨૫.

વંચાણમાં લીધા:

(૧) રાજ્ય ચૂંટણી આયોગનો આખરી આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સમક-નપા-બરવાળા-યુનિટ-૬-૨૦૧૬, તા.૦૩/૦૧/૨૦૧૬.

(૨) મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪.

(૩) મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી (સુધારા) નિયમો, ૨૦૧૫.

(૪) ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (Gujarat Act No 17. of 2023).

(૫) મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી (સુધારા) નિયમો, ૨૦૨૫.

(૬) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃ- KV 156 of 2024 UDUHD/mwd/e-file/18/2024/3057/M, તા.૧૭/૦૮/૨૦૨૪

૧. ભારતના બંધારણના અનુચ્છેદ 243-K અને 243-ZA ની જોગવાઈ મુજબ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની તમામ ચૂંટણીઓ માટે મતદારયાદી તૈયાર કરવા અને તેના ઉપર દેખરેખ, માર્ગદર્શન તથા નિયંત્રણ અને ચૂંટણી સંચાલનની કામગીરી રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ-૬ ની પેટા-કલમ ૪, મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ હેઠળની જોગવાઈઓ તથા તેમાં થયેલ વખતોવખતના સુધારાઓ અને રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-માપદંડ-ન.પ.જન.૧-૧૨૨૦૧૪-ક તા.૧૧-૧૨-૧૪ના આદેશની સૂચનાઓને ધ્યાને લઈ વંચાણ (૧) વાળા તા.૦૩/૦૧/૨૦૧૬ના આખરી આદેશથી બરવાળા નગરપાલિકાની વોર્ડ રચના કરી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગ તથા આ વર્ગોની સ્ત્રીઓ માટે અનામત બેઠકો તથા સામાન્ય વર્ગની સ્ત્રીઓ માટેની અનામત તથા બિનઅનામત સામાન્ય બેઠકોની ફાળવણી કરવામાં આવેલ છે. જે આધારે વર્ષ-૨૦૧૬માં બરવાળા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજવામાં આવેલ.

૨. વંચાણે લીધેલ અ.નં.(૩)ના સુધારા નિયમોથી મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો, ૧૯૯૪માં નિયમ-૫ નવો મુકવામાં આવેલ છે. જે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠકો ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૬ અને કલમ ૭ મુજબ નક્કી કરવાની થતી બેઠકો એકી સંખ્યામાં આવતી હોય તેવી બેઠકો માટે જે તે કેટેગરીની મહિલા અનામત બેઠકો માટે લગભગ ૫૦ ટકા બેઠકો ફાળવી શકાય નહિ તેથી એકી સંખ્યામાં નક્કી થતી હોય તેવી બેઠકો પૈકી (એકી સંખ્યામાં રહેલ) બેઠક જે તે કેટેગરી માટે નક્કી કરી પ્રથમ ચૂંટણી કરવાની અને તે એક બેઠક હવે પછીની સામાન્ય ચૂંટણીમાં જે તે કેટેગરીની મહિલા માટે અનામત રાખવી એવી જોગવાઈ કરવામાં આવેલ છે.

૩. અનામત બેઠકોની સંખ્યા એકી સંખ્યામાં આવતી ન હોઈ વંચાણે લીધેલ અ.નં (૧)ના આદેશની અનુસૂચિ-૨ મુજબ વર્ષ-૨૦૨૧માં ચૂંટણી યોજવામાં આવેલ.

૪. વંચાણે લીધેલ (૪) ના ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (Gujarat Act No. 17 Of 2023)થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાતવર્ગોની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી ૨૭ ટકા સુધીની બેઠકો પછાતવર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

૫. વંચાણે લીધેલ અ.નં(૫)ના મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી (સુધારા) નિયમો, ૨૦૨૫થી મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪નો નિયમ-૭ નવો મુકવામાં આવેલ છે. નવા નિયમ મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગો તથા સ્ત્રીઓની અનામત બેઠકોની વારાફરતી ફાળવણી શક્ય હોય ત્યાં સુધી દર પાંચ વર્ષે એક સામાન્ય ચૂંટણી પછી બીજી સામાન્ય ચૂંટણી થાય ત્યારે કરવાની થાય છે.

૬. વંચાણે લીધેલ અ.નં(૬)ના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૧૭/૦૮/૨૦૨૪ના જાહેરનામાંથી બરવાળા નગરપાલિકા માટે ૬ વોર્ડ અને ૨૪ બેઠકો નિર્ધારીત કરવામાં આવેલ છે. જે પૈકી અનુસૂચિત જાતિની ૨ બેઠકો પૈકી ૧ બેઠક સ્ત્રી માટે અનામત અને પછાતવર્ગની ૬ બેઠકો પૈકી ૩ બેઠકો સ્ત્રી માટે અનામત રાખવામાં આવેલ છે.

૭. ભારતના બંધારણના અનુચ્છેદ-243-ZA, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૭, મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪, મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી (સુધારા) નિયમો, ૨૦૧૫ તથા મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી (સુધારા) નિયમો, ૨૦૨૫ની જોગવાઈ તથા રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-માપદંડ-ન.પ.જન.૧-૧૨૨૦૧૪-ક તા.૧૧-૧૨-૧૪ની સૂચનાઓને ધ્યાને લઈ વંચાણે લીધેલ અ.નં.(૧) વાળા રાજ્ય ચૂંટણી આયોગના તા.૦૩/૦૧/૨૦૧૬ના આદેશની અનુસૂચિ-૨માં સુધારો કરી બરવાળા નગરપાલિકાની હવે પછી યોજાનાર સામાન્ય ચૂંટણી માટે આ આદેશ સાથેની “અનુસૂચિ-૨” માં જણાવ્યા પ્રમાણે અનુસૂચિત જાતિ, પછાતવર્ગો (આ વર્ગોની સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકો સહિત) તથા સ્ત્રીઓ માટેની અનામત બેઠકો અને બિનઅનામત સામાન્ય બેઠકો ફાળવવા રાજ્ય ચૂંટણી આયોગ આદેશ કરે છે.

વંચાણ (૧) પરના રાજ્ય ચૂંટણી આયોગના તા.૦૩/૦૧/૨૦૧૬ના આખરી આદેશની સીમાંકનને લગતી અન્ય વિગતો યથાવત રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જિ. ગોહિલ,

સચિવ.

અનુસૂચિ-૨

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ- રાચઆ-ચટણ-સમક-નપા-બરવાળા-યુનીટ-૨/૦૯૨૦૨૫, તા.૨૯/૦૯/૨૦૨૫નું બિડાણ

બરવાળાનગરપાલિકાની સને-૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૧૭૯૫૧		
કુલ વોર્ડની સંખ્યા	૬		
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૨૯૯૧	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ :	૩૨૯૦
		સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ :	૨૬૯૨
બેઠકોની સંખ્યા	૨૪		
કુલ સ્ત્રી બેઠકો	૧૨		
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રી માટે અનામત	
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૦	-	
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૬	તે પૈકી ૩ બેઠકો પછાતવર્ગ સ્ત્રીઓ માટે અનામત	
કુલ અનામત બેઠકો	૧૬		
સામાન્ય બેઠકો	૮		

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત
૧	૧	૩૧૭૦	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨	૨	૩૨૬૬	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૨૬૭૮	અનુસૂચિત જાતિ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૪	૪	૨૮૯૨	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૫	૫	૨૯૧૮	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૬	૬	૩૦૨૭	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
	કુલ	**૧૭૯૫૧**				

આર. જિ. ગોહિલ,

સચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2025.10.07 16:46:45 IST